ઓગસ્ટ ૨૦૧૧

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

હેપ્પી બર્થડે અક્રમ એક્સપ્રેસ

## વિનય



# અક્રમ એક્સપ્રેસ

# વિનય

## અનુક્રમણિકા


૧ દાદાજી કહે છે.
૨ સાધુ નંદીસેન
૫ પસંદગી
૮ આ તો નવી જ વાત !
૧૦ ઐતિહાસીક ગૌરવગાથાઓ
૧૨ ચાલો રમીએ...
૧૪ મીઠી યાદેં
૧૫ બાળકો સાથે પુજ્યશ્રી
૧૬ તમારી જાતને ચકાસી જૂઓ !,
૧૭ ગુરુપૂર્ણિમા હાઈલાઈટ્સ


## સંપાદકીય

બાળમિત્રો,

માતા-પિતા સામે તોછડાઈથી બોલવું, ટીચરોના અલગ અલગ નામ પાડી એમને ચીડવવા, દાદા-દાદીનું કહેલું સાંભળવું નહીં, વડીલોને તકલીફ પડતી હોય પણ આપણે તો મિત્રો સાથે મસ્તીમાં જ હોઈએ. આ બધું આપણા જીવનમાં સામાન્યપણે વણાઈ ગયું છે. આપણા દેશની સંસ્કૃતિમાં 'વિનય'ને ખૂબ મહત્ત્વ અપાયું છે. આપણામાં કહેવત પણ છે ને કે વિદ્યા વિનયથી શોભે છે. 'વિનય' વગર વ્યક્તિ કોઈ પ્રગતિ ન કરી શકે. આપણે બધાએ તો જીવનમાં ખૂબ આગળ વધવું છે ને?

વિનય કેમ હોવો જોઈએ ? કેવો હોવો જોઈએ ? એની સુંદર સમજણપરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાન સમજણ થકી આ અંકમાં પ્રાપ્ત થાય છે.

ચાલો, આપણે આ સુંદર સમજણ જીવનમાં ઉતારીએ અને સંસારમાં તેમજ અધ્યાત્મમાં ખૂબ પ્રગતિ કરીએ.

તમને ખાસ ખુશ ખબર આપવાના કે આ મહિને તમારું વ્હાલુ 'અક્રમ એક્સપ્રેસ'નો બર્થ ડે છે. 'અક્રમ એક્સપ્રેસ' ત્રણ વર્ષ પૂરા કરી ચોથા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. તો આવો એને આપણે સૌ મળીને શુભકામનાઓ આપીએ.

'હેપ્પી બર્થ ડે અક્રમ એક્સપ્રેસ'

- ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક :
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૧૨
સળંગ અંક : ૩૬
ઓગસ્ટ ૨૦૧૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: ૭૮૫-૨૭૧-૦૮૬૯
U.K.: ૦૭૯૫૬૪૭૬૨૫૩
Website: kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક લવાજમ
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડૉલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૭૦ ડૉલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

પ્રશ્નકર્તા : મા-બાપ સાથે જે વિનય-વિવેક જોઈએને, તે જરાય નથી.

દાદાશ્રી : એ ખોટું કહેવાય. વિનયી વર્તન ઊંચું હોવું જોઈએ. મા-બાપનો ઉપકાર કેમ ભૂલાય ? ઉપકાર ભૂલાય નહીં, કોઈએ ચા પાઈ હોય તો ઉપકાર ભૂલાય નહીં. તો આપણે મા-બાપનો ઉપકાર તો ભૂલાય જ શી રીતે ? ક્યાંક ભૂલ થઈ કે તરત માફી માંગી લેવી જોઈએ કે આ બોલાઈ ગયું એ ભૂલ થઈ. મમ્મીને કહેવું કે ફરી આવી ભૂલ નહીં કરું એટલે એને ઘા ના લાગે.

મા-બાપ એકલાનો નહીં, કાકા, મામા, ફુવા, બધાનો વિનય સાચવવો. એ અવળું બોલે તો આપણે જતું કરવાનું, કારણ કે મોટા છે ને ! મોટા હોય એની જોડે સારી રીતે બોલે, સારી રીતે વર્તન કરે, એની સામું ના બોલે, એ વિનય કહેવાય.

પ્રશ્નકર્તા : પણ આ તો ઘરની વાત છે કે કોઈ મોટા આપણા વડીલ આવે ને આપણે એને પગે પડીએ તો એનો લાભ થાય કે ના થાય ?

દાદાશ્રી : બહુ સારું, બહુ લાભ થાય. એટલે વિનય મોટામાં મોટો.

આપણો તો આ વિનયનો માર્ગ છે. મોટા વડીલોની આપણે ખૂબ કાળજી રાખવી જોઈએ. એમની સગવડ પહેલી સાચવવી જોઈએ. સત્સંગમાં આવીએ તો આપણાથી મોટા હોય એનો ખાસ ખ્યાલ રાખવાનો કે એમને બેસવા માટે ટેકો આપવાનો. એમને કહેવાનું કે તમે બેસો. અમે તો આગળ બેસીશું થોડીવાર. અમને વાંધો નહીં આવે.

પછી ગુરુનાય વિનયમાં રહેવું. વિનયમાં રહે એટલે ગુરુની કૃપા ઊતરે. અને કૃપાથી બધી આગળ આગળ પ્રગતિ થાય.

આ દુનિયામાં ત્રણનો મહાન ઉપકાર છે; ફાધર, મધર અને ગુરુનો. જેમણે આપણને સવળે રસ્તે ચડાવ્યા છે, તે આ ત્રણનો ઉપકાર ભૂલાય એવો જ નથી. એમનો વિનય ક્યારેય ન ચૂકાય.





# સાધુ નંદીસેન

એક દિવસ ઈન્દ્રએ પોતાની સભામાં દેવો સમક્ષ સાધુ નંદીસેનની પ્રશંસા કરી. પ્રશંસા સાંભળી એક દેવને નંદીસેનની ઈર્ષા થઈ. એમણે એની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

દૈવી શક્તિને કારણે દેવો ગમે ત્યારે ગમે તે રૂપ ધારણ કરી શકતા અને ક્ષણમાં ગમે ત્યાં પહોંચી શકતા. બે દેવો, એક ઘરડા અને એક જુવાન સાધુનું રૂપ લઈ નંદીસેનના ગામની બહારની વાડીમાં આવી પહોંચ્યા.

એ દિવસે નંદીસેનને ઉપવાસનું પારણું હતું. તેઓ ગોચરી (ભોજન) લઈને આવ્યા અને પારણું કરવા બેઠા ત્યાં જ જુવાન સાધુએ આવીને કહ્યું, "ધર્મલાભ, ત્યાં વાડીમાં એક ઘરડા સાધુ ભૂખ-તરસથી તડપી રહ્યા છે. તેઓ ખૂબ જ અશક્ત છે. તમારી મદદની જરૂર છે."

આ શબ્દો સાંભળતા જ નંદીસેન ઊભા થઈ ગયા. સ્વચ્છ પાણી લઈને વૃદ્ધ સાધુ પાસે પહોંચી ગયા. નંદીસેનને જોતાં જ વૃદ્ધ સાધુ તાડૂકી ઊઠ્યા, "ઓ મહામૂર્ખ, હું અહીં પીડાઈ રહ્યો છું અને તું મારી કોઈ દરકાર જ નથી કરતો?"

વૃદ્ધ સાધુએ આટલા કઠોર વચનો કહી સંભળાવ્યા તેમ છતાંય નંદીસેન પોતાનો વિનય ન ચૂક્યા. એમણે ખૂબ જ શાંતિથી કહ્યું, "ગુરુવર્ય, મને માફ કરો, હું આપના માટે પાણી લાવ્યો છું."

નંદીસેને વૃદ્ધ સાધુને પાણી પાયું. તેમનું મોં-કપડાં વગેરે સાફ કર્યાં અને એમને બેસાડવાનો

પ્રયત્ન કર્યો. પાછા વૃદ્ધ સાધુ ગુસ્સે થયા, "હું અશક્ત છું. મારાથી બેસાતું નથી અને તું મને બેસાડે છે ?"


નંદીસેને કહ્યું, "ચિંતા ના કરશો, હું આપને બેસવામાં મદદ કરીશ. આપ ઈચ્છો તો હું આપને વધુ સગવડ લાગે તે માટે ઉપાશ્રયમાં (સાધુને રહેવાની જગ્યા) લઈ જાઉં."

સાધુએ જવાબ આપ્યો, "મને પૂછવાની શી જરૂર ? તને ઠીક લાગે તો મને લઈ જા."

નંદીસેને સાચવીને વૃદ્ધ સાધુને પોતાના ખભા પર બેસાડી, સંભાળીને પગલાં ભરતા ઉપાશ્રય તરફ લઈ જવાનું શરૂ કર્યું. વૃદ્ધ સાધુ નંદીસેનની વધુ પરીક્ષા કરવા ઈચ્છતા હતા તેથી એમણે પોતાનું વજન ધીમે ધીમે વધારવા માંડ્યું. વજન વધવાને કારણે નંદીસેન થાકી જવાથી પડવા જેવા થઈ જતા. તેથી વૃદ્ધ સાધુએ ગુસ્સે થઈને કહ્યું, "શું થયું છે તને ? જોઈને ચલાતું નથી ? મારું આખું શરીર હલાવી નાખે છે. માંદા માણસને આવી રીતે લઈ જવાય ?"

સાધુના કડવા અને ગુસ્સાભર્યા શબ્દો સાંભળવા છતાં નંદીસેન ખૂબ જ શાંત રહ્યા અને કહ્યું, "માફ કરો, હવે હું ખૂબ જ ધ્યાન રાખીશ."

સાધુની કઠોર ટકોરો છતાં નંદીસેનને સાધુ માટે જરાય અભાવ ન થયો. એ તો સાધુને કેવી રીતે સાચવવા, કેવી રીતે સારા કરવા એ વિચારમાં જ ચાલ્યા જતા હતા.




આમ કરતા કરતા નંદીસેન ઉપાશ્રયે આવી પહોંચ્યા. આખા રસ્તે વૃદ્ધ સાધુએ જોયું કે ગમે તેટલા અપમાન અને અવિનય સામે પણ નંદીસેને પોતાનો વિનય સાચવી જ રાખ્યો.

અંતે વૃદ્ધ સાધુએ પોતાનું અસલ રૂપ ધારણ કર્યું. દેવને જોઈને નંદીસેન નમી પડ્યા. દેવે આશીર્વાદ આપતા કહ્યું, "ખરેખર, તમે સાચા સાધુના ઉદાહરણ રૂપ છો. ઈન્દ્રે તમારી જે પ્રશંસા કરી હતી, તેને માટે તમે યોગ્ય જ હતા. હું પણ તમારા આ ગાઢ વિનયથી અત્યંત પ્રસન્ન થયો છું. તમે જ્યાં જશો ત્યાં તમે ધારેલું સર્વ પ્રાપ્ત કરી શકશો."

નંદીસેન અત્યંત વિનયપૂર્વક બોલ્યા, "દેવરાજ, આ માનવ અવતાર ઘણો કિંમતી છે. માનવદેહથી વધારે કિંમતી બીજું કંઈ જ નથી. મને જે મળ્યું છે તેનાથી મને સંતોષ છે. હવે મને કોઈ ઈચ્છા નથી." આ સાંભળી દેવ નંદીસેનના પગમાં પડી ગયા અને પોતાના સ્થાને પાછા ગયા.

"ખરેખર, તમે સાચા સાધુના ઉદાહરણ રૂપ છો. ઈન્દ્રે તમારી જે પ્રશંસા કરી હતી, તેને માટે તમે યોગ્ય જ હતા."



# પસંદગી



મોર્ડન આર્ટ પેઈન્ટિંગ કોલેજમાં એડમિશન લેવા માટે શૌર્ય, ધ્રુવ અને અચલ કોલેજના સ્ટુડિઓમાં પહોંચ્યા. એક યુવાન એક ઘરડા કાકાનું પોટ્રેટ (પેઈન્ટિંગ) બનાવી રહ્યો હતો.
ગુડ મોર્નિંગ, સર.
ગુડ મોર્નિંગ !
ત્યાં જ કારકુન સ્ટુડિઓમાં આવ્યો.
સાહેબ, બહાર તમને કોઈ મળવા આવ્યું છે.
પ્લીઝ બેસો. હું હમણાં જ આવું છું.



ધ્રુવ અને અચલ ખુરશી પર ગોઠવાઈ ગયા.
નમસ્તે.
દોઢડાહ્યો જ છે ને !
અચલે બેગમાંથી પોતાની સ્કેચ બુક બહાર કાઢી.
જો, આ સ્કેચ માટે મને સ્ટેટ-લેવલ કોમ્પિટિશનમાં એવોર્ડ મળ્યો હતો.
જો, મને પણ આના માટે ઈનામમળ્યું હતું.
આ સરને કોઈ એવોર્ડ નથી મળ્યા લાગતા, નહીં તો દિવાલ પર લગાડ્યા હોત.
મેં તો એવું સાંભળ્યું છે કે આ કોલેજના ટીચર્સ બધા ખડુસ છે. પણ આ કોલેજનું નામ બહુ મોટું છે. એટલે ભવિષ્યમાં આપણને કામ લાગશે.
શૌર્ય, તને કોઈ ઈનામ નથી મળ્યા?
ના, પણ આપણાથી ટીચર્સ માટે આવું ના બોલાય. જે ટીચર્સ પાસેથી આપણે જ્ઞાન મેળવવાનું છે એમનું અવળું બોલીએ તો બધું ધૂળધાણી થઈ જાય. વિદ્યા કશું પ્રાપ્ત ના થાય.
જવા દે યાર. તું તો હંમેશાથી ટીચર્સનો ચમચો જ રહ્યો છે.
થોડી વાર પછી...
ધ્રુવ જો જો, સરે પેલા ઘરડા કાકાનું કાર્ટૂન કેવું બનાવ્યું છે !
એકદમ બરાબર છે ! નાક તો અસલ ભજીયા જેવું જ છે.


ચાલ, એ કાકા સાથે વાતો કરીને એમની ટાંગ ખેંચીએ, મજા પડશે.
જવા દે ને, મૂંગા લાગે છે.
કાકાને જો આ વાતો સંભળાતી હશે તો આ લોકોના આવા અવિનયથી એમને કેટલું દુઃખ થતું હશે !
ત્યાં તો પેલો યુવાન સ્ટુડિઓમાં આવ્યો.
સોરી, થોડી વાર થઈ ગઈ. ઉતાવળમાં તમારી ઓળખાણ કરાવવાની રહી ગઈ. આ પ્રોફેસર ખન્ના છે. આ કોલેજના સૌથી જૂના અને અનુભવી ટીચર. હું એમનો વિદ્યાર્થી રહી ચૂક્યો છું. આજે મને એમનું પોટ્રેટ બનાવવાની તક મળી છે. તેઓ જ તમારી પસંદગી કરશે.
પસંદગી તો થઈ ગઈ. બાળકો, એડમીશનની પાત્રતા માટે તમારા એવોર્ડસ કરતા વધારે કિંમત તમારા વિનયની છે. શૌર્ય પાસે ભલે એવોર્ડસ નથી પણ વિનય છે અને આ વિનય થકી જ તે જ્ઞાન ગ્રહણ કરી શકશે અને આગળ પ્રગતિ કરશે. ગુડ લક શૌર્ય."
ધ્રુવ અને અચલ એકદમ ભોંઠા પડી ગયા. શરમથી એમનું માથું ઝુકી ગયું અને શૌર્યએ વિનયથી પ્રોફેસર પાસે એનું માથું ઝુકાવ્યું.
જોયું મિત્રો, વિનયના પરિણામો. ગુરુનો રાજીપો અને જ્ઞાનપ્રાપ્તિની સરળતા.

# આ તો નવી



કોઈ ખોટો છે જ નહીં. કોઈને ખોટો કહેશો એટલે ભેદ પડશે અને વિનય તૂટી જશે. દા.ત. ટીચર કહેતા હોય કે રોજ નિયમિત અભ્યાસ કરવો જોઈએ અને આપણને એ બરાબર ન લાગે અને આપણે એમને ખોટો કહીએ તો એમના પ્રત્યેનો વિનય તૂટી જાય.



કોઈ આપણું ખરાબ કરે પણ આપણે એનું ખરાબ ના કરીએ તો એ વિનય કહેવાય.

# જ વાત !

ધર્મની શરૂઆત જ
વિનયથી થાય છે. હાથ
જોડવાથી લઈને સાક્ષાત્
દંડવત્ પ્રણામ કરે, પૂજા-
ભક્તિ-આરતી કરે એ બધું
વિનય ધર્મમાં આવે છે.






વિનયથી અહંકાર ઓગળતો
જાય, ઓછો થતો જાય.
દા.ત. વિનયમાં રહેવાથી
મમ્મી જૂના જમાનાની છે,
એમના કરતા મને વધુ
સમજણ પડે છે એવો અહંકાર
ઓછો થતો જાય.


# ઐતિહાસિક ગૌરવગાથાઓ

વિશ્વભૂતિ અને વિશાખાનંદી નામે બે રાજપુત્રો હતા. બન્ને પિતરાઈ ભાઈ થાય. મોટા થતાં બન્નેના ઘણી ઘણી રાજકુંવરીઓ સાથે લગ્ન થયા. એક વાર વિશ્વભૂતિ પોતાની રાણીઓ સાથે શહેર બહાર બગીચામાં રહેવા ગયા. આ વાતની જાણ વિશાખાનંદીને થઈ. એને વિશ્વભૂતિની ઈર્ષા થઈ. એણે પોતાના પિતા રાજાને કહીને કપટ કરીને વિશ્વભૂતિને લડાઈ માટે મોકલી આપ્યો અને એની રાણીઓને શહેરમાં પાછી મોકલી દીધી. અને પોતે પોતાની રાણીઓ સહિત તે બગીચામાં રહેવા ગયો.

વિશ્વભૂતિને લડાઈમાંથી આવીને જાણવા મળ્યું કે પોતાની રાણીઓને શહેરમાં ધકેલી મૂકી, વિશાખાનંદી પોતાની રાણીઓ સહિત બગીચામાં રહેવા આવી ગયો છે. આ પ્રપંચથી તેને અતિશય ક્રોધ ચડ્યો. પોતે વિશાખાનંદીને મારી શકે તેટલું બળ ધરાવતા હતા. પણ ભાઈને મારીને તેને સંસારસુખ ભોગવવાનું યોગ્ય ના લાગ્યું. તેથી તેણે કોઠાના ઝાડ (જબરજસ્ત મજબૂત ઝાડ)ને એક જ મુક્કો મારી નાશ કરીને પોતાની શક્તિ વ્યક્ત કરી, પોતે દીક્ષા લઈ ચાલી નીકળ્યા.

આકરા તપ કરીને વિશ્વભૂતિનું શરીર દુર્બળ બની ગયું હતું. એક વખત વિશ્વભૂતિ મુનિ ફરતા ફરતા મથુરાનગરીમાં આવ્યા. તે વખતે વિશાખાનંદી પણ મથુરાનગરીના રાજાની કુંવરી સાથે લગ્ન કરવા ત્યાં આવેલા. એ મહેલના ગોખમાં બેઠા હતા ત્યારે એના માણસે વિશાખાનંદીની ઓળખાણ આપતા કહ્યું, 'આ વિશ્વભૂતિકુમાર મુનિ જાય છે.' એમને જોતાં જ વિશાખાનંદીને ક્રોધ ચડ્યો. તેવામાં વિશ્વભૂતિ મુનિ એક ગાય સાથે અથડાઈને પડી ગયા. આ જોઈને વિશાખાનંદીએ મુનિની મશ્કરી કરતા કહ્યું, "કોઠાના ઝાડને એક મુઠ્ઠીના પ્રહારથી પાડી નાખવાની તાકાત ધરાવનાર હે વિશ્વભૂતિ! એક ગાયના

"તેણે કોઠાના ઝાડને એક જ મુક્કો મારી નાશ કરીને પોતાની શક્તિ વ્યક્ત કરી"




સામાન્ય ધક્કાથી પડી કેમ જવાય છે ? તાકાત ક્યાં ગઈ ?'' આ સાંભળી વિશ્વભૂતિ મુનિને ક્રોધ ચડ્યો. ભાન ભૂલી જઈ એમણે ક્રોધમાં ને ક્રોધમાં ગાયને ચક્કર ફેરવી, અદ્ધર ઊછાળી ફેંકી અને વિશાખાનંદી સામે જોઈ એ ચૂપચાપ શહેર બહાર ચાલ્યા ગયા. અને નિયાણું કર્યુ (તપના બદલામાં જોઈતું ફળ માગી લેવું) કે, 'મારા તપના ફળરૂપે હું અતિ બળવાન થાઉં અને વિશાખાનંદીના વેરનો બદલો લઉં.' આવું નિયાણું કરી મુનિએ અન્નપાણીનો જિંદગીના અંત સુધી ત્યાગ કર્યો.

વિશ્વભૂતિ મુનિ આયુષ્ય પૂરું કરી દેવલોકમાં ગયા. ત્યાંથી તેઓ મૃગાવતી રાણીની કુખે ત્રિપૃષ્ઠ વાસુદેવ રૂપે જન્મ્યા. તેઓ ખૂબ શક્તિશાળી અને પરાક્રમી હતા. વિશાખાનંદી મૃત્યુ પામીને સિંહરૂપે જન્મ્યો.

એક દિવસ ત્રિપૃષ્ઠ વાસુદેવ એક ખેતર પાસેથી પસાર થઈ રહ્યા હતા. અચાનક સામેથી પેલો સિંહ આવ્યો અને એમના પર તરાપ મારી. રાજાએ સિંહના બે જડબા ઝાલી એને ચીરી નાખી આગલા જન્મનું વેર પૂરું કર્યું.

"આ સાંભળી વિશ્વભૂતિ મુનિને ક્રોધ ચડ્યો. ભાન ભૂલી જઈ એમણે ક્રોધમાં ને ક્રોધમાં ગાયને ચક્કર ફેરવી"



# ચાલો રમીએ...

## ૧




દોસ્તો, અહીં આપેલા ચિત્રને જો તમે ધ્યાનથી જોશો તો ચિત્ર નવ ટુકડાઓમાં વહેંચાયેલું છે, પણ તમારે આ ચિત્રમાં આપેલા બધા જ ટુકડાને એવી રીતે જોડવાના છે કે એ ચિત્ર પહેલાં જેવું જ બની જાય.

તમારામાંથી જે બાળક આ ચિત્રને જોડી દેશે તે બનશે જિનિયસ ! તો ચાલો, તમારે બનવું છેને જિનિયસ !




મિત્રો, આ અનોખી પઝલમાં તમારે ઉપર આપેલા ચાર ચિત્રોની એક ગોઠવણી જેમ છે તેમ શોધી કાઢવાની છે. આ ગોઠવણી ઉપર, નીચે અથવા ત્રાંસી લાઈનમાં છુપાયેલી છે.

## ૨




## 3

### રસ્તો શોધો



## ૪

### નીચે આપેલા છ ચિત્રમાંથી કયા બે સરખા છે તે શોધી કાઢો...




## ૫

### નીચેના ચિત્રોમાંથી ૮ તફાવત શોધો.



# મીઠી યાદેં

નીરુમાનો બ્રહ્મચારી ભાઈઓ સાથેનો પ્રસંગ છે. એક વાર બધા બ્રહ્મચારી ભાઈઓ નીરુમા પાસે આવીને બેઠા હતા. બધા નીરુમાને પોતપોતાના કામ અંગેની વાતો કરી રહ્યા હતા. એ સમયમાં નજીકના ગાળામાં જ બધા પાસે મોબાઈલ ફોન આવ્યા હતા.

નીરુમા સાથે વાતો ચાલતી હતી ત્યાં કોઈક ભાઈનો મોબાઈલ વાગ્યો. એણે તરત ફોન લઈને વાત ચાલુ કરી દીધી. આ જોઈને નીરુમાએ કહ્યું, "અહીં જેટલા બેઠા છે એમાં જેટલાનું ચિત્ત મોબાઈલમાં છે એ બધાને એક અવતાર વધી જશે." આ સાંભળીને બધાને ખ્યાલ આવી ગયો કે અત્યારે જ્ઞાની સામે બેઠા છીએ. આવું વર્તન ન હોવું જોઈએ.

નીરુમા કહે, "જ્ઞાની કરતા મોબાઈલની કિંમત આટલી બધી વધારે મૂકી ?" બધાને પોતાની ભૂલ સમજાઈ. જેણે ફોન પર વાત કરવાની શરૂ કરી હતી એ ભાઈને તો બહુ જ એમ થઈ ગયું કે આવી ભૂલ હવે ના જ થવી જોઈએ. એમણે નીરુમાને કહ્યું, "નીરુમા, તમે મારો મોબાઈલ લઈ લો. મારે નથી રાખવો." નીરુમા કહે, "ના, ના કશું નહીં. રાખ તું જ."

પણ એ દિવસથી બધા ભાઈઓ વ્યવહારમાં જાગૃત થઈ ગયા.

આમ આપણે કહેતા હોઈએ છીએ કે જ્ઞાની દેહધારી પરમાત્મા કહેવાય, કાયમ એમના પરમ વિનયમાં રહેવું જોઈએ. પરમ વિનયની તો ક્યાં વાત, વિનય કેવો હોવો જોઈએ એની પણ આપણને ખબર નથી પડતી. જ્ઞાનીની હાજરીમાં ફોન પર વાત કરવાથી એમનો વિનય ચૂકાય છે એવું તો જ્ઞાની ફોડ પાડે ત્યારે જ ખબર પડે.



પરમ વિનય ખરી રીતે તો અંદરની સ્થિતિ છે પણ બહારનો વિનય, વ્યવહારનો વિનય પણ એટલો જ જરૂરી છે. અંદરનો તો વિનય હોય જ પણ બહાર વ્યવહારમાં આ બધું હોવું જોઈએ. નીરુમા તો બહુ સહજ બોલી ગયા હતા પણ એ ઉપરથી ભાઈઓને વિનયનો સુંદર પાઠ શીખવા મળી ગયો. તેથી જ આપણે ગાઈએ છીએને કે,

"જ્ઞાનદૂધે પોષ્યા ઘણા
બાળકો છે તમને,
વાત્સલ્યમૂર્તિ તમે
એક જ 'મા' અમને."

ધન્ય છે જ્ઞાનીઓની બોધકળાને !

# બાળકો સાથે પૂજ્યશ્રી

**પ્રશ્નકર્તા :** કોઈ કોઈ વાર આપણી જોડે ભણતા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીઓ આપણી જોડે જ ઈર્ષ્યા કરતા હોય, આપણા તરફથી કંઈ નથી હોતું, તો એવા ટાઈમે આપણે શું કરવાનું ?

**પૂજ્યશ્રી :** એવું જ હોય. આગળ જતી રહેલી ગાડીઓ માટે કંઈ વાંધો ન હોય પણ આપણી જોડે વાળી ગાડી હોયને ત્યાં જ થાય કે આ આગળ જતો રહ્યો એટલે એવી સ્પર્ધા થાય લોકોને. ૮મા ધોરણવાળાને ૮મા ધોરણવાળા સાથે જ સ્પર્ધા થાય. ૫મા કે ૧૦મા ધોરણવાળા સાથે ન થાય. ઈર્ષ્યા કોને થાય? સંકુચિત મનવાળાને. જેનું મન મોટું હોયને, વિશાળ મન, એ શું ભાવના રાખે કે ના, તું પણ આગળ વધ. તું સરસ મહેનત કરે છે, તું આગળ વધ.

હવે સાચો નિયમ શું છે, કે આપણે બીજાની ઈર્ષા કરીએ તો આપણી શક્તિમાં આવરણ આવે. આપણે બીજા માટે સારી ભાવના કરીએ તો આપણી શક્તિ વધે. દાદા ભગવાને મને આ જ શીખવાડેલું કે તારે જો આગળ વધવું હોય તો તારે બીજાના ગુણના વખાણ કરવા. ઓહ ! આ સરસ ભણી શક્યો. ઈતિહાસમાં સરસ માર્ક આવ્યા ! ભૂગોળમાં સરસ આવ્યા ! ગણિતમાં સરસ આવ્યા ! ઈંગ્લિશમાં સરસ આવ્યા ! કેટલું સરસ ભણે છે ! કેટલું સરસ છે! કેટલું સરસ છે ! તો તારા આવરણ તૂટશે. અને કહીશ કે એ તો પૈસાવાળો છે ને ટ્યુશનવાળો છે, આવો છે, તેવો છે, એને ઓછા માર્ક આવે તો સારું, માંદો પડે તો સારું. નેગેટિવ વિચારીએ તો એનુંય બગડે અને આપણું ડબલ બગડે. એટલે આપણે પોઝિટિવ રાખવું જોઈએ. અને એ આપણા પ્રત્યે ઈર્ષ્યા કરતો હોય તો એના પર દ્વેષ નહીં રાખવાનો. પ્રાર્થના કરવાની કે 'હે ભગવાન! એને સદ્‌બુદ્ધિ આપો કે જેથી કરીને એને અવળી બુદ્ધિ છૂટી જાય.' અને એની જોડે પ્રેમથી રહેવાનું અને આપણાથી જેટલો સહકાર આપી શકાય તેટલો આપવો.

---

**પ્રશ્નકર્તા :** રોજ રોટલી ને શાક ભાવતા નથી અને મને કારેલાનું શાક પણ નથી ભાવતું તોય મમ્મી એ જ બનાવ્યા કરે છે, તો શું કરવું ?

**પૂજ્યશ્રી :** આ રોટલી જો ચાવી ચાવીને ખાયને તો એટલી મીઠી લાગે, ગોળ કરતાંય મીઠી લાગે, બોલો. પણ થોડી વાર લગાડવી પડે. ૮૦ વખત ચાવીએને, ૮૦ નહીં આપણે ૪૦ વખત જ કરોને. એક જ રોટલીનો ટુકડો મોંમા મૂકવાનો પછી એને ચાવી જવાનો. બોલો, ચાવીએને તો એટલી મીઠી લાગે કે આ તો ખરેખર સ્વાદિષ્ટ છે. આપણને એડજસ્ટમેન્ટ કરતા આવડતું નથી, નહીં તો આ ખોરાક તો એટલો મીઠો હોય છેને પણ આમ ખીચડી જુએ ને મોઢું બગાડશે. કહેશે, ખીચડી ને ખીચડી જ કરે છે. બીજુ કંઈ બનાવતા જ નથી. અરે ! ખીચડીથી તો તબિયત સારી થાય. એક દા'ડો મીઠાઈ ખાધી હોય તો બીજે દા'ડે ખીચડી ખાઈએ તો બેલેન્સ રહે આપણું.

અને કારેલાનું શાક નથી ભાવતું પણ કડવું હંમેશા ગુણકારી કહેવાય. સૌથી વધારે ગુણકારી જો દુનિયામાં હોયને તો કડવી વસ્તુ. મીઠું હંમેશા ગરબડ કરે ને કડવું રિપેર કરે બધું. પણ આપણી વ્યાખ્યા જ ખોટીને તે કારેલાને વગોવે, હોસ્ટેલવાળાને વગોવે અને પછી આજનું જમવાનું બગાડી નાખ્યું. મુડ ખલાસ કરી નાખ્યો. આમ ભાવતું-ના ભાવતું કરવાથી વધારે અણગમો થતો જાય. પરિણામે આહાર પ્રત્યે તિરસ્કાર-અભાવ થાય. દરેક વસ્તુ ખાવી જોઈએ, અનુકૂળ ન આવે તો ઓછી ખાવી પણ એનો તિરસ્કાર નહીં કરવો જોઈએ.



# તમારી જાતને ચકાસી જૂઓ !

ચાલો, આ અંકમાંથી આપણને જે ખાસ શીખવા મળ્યું, તે મેસેજ આપણે નીચેના કલુ વર્ડ્સમાંથી શોધીએ.

મેસેજ શોધવા માટે સૌથી પહેલા નીચે આપેલા કલુ વર્ડ્સના અક્ષરોને સરખા કરી ખાનામાં ગોઠવો. ત્યાર પછી ગોળાકારમાં મળેલા અક્ષરોને જુદા પાડી ફરી બરાબર ગોઠવી મેસેજ શોધી કાઢો અને સૌથી નીચે આપેલા ખાનામાં પૂરો.

| | |
|---|---|
| વેકવિ | ◯ ☐ ☐ |
| નર્તવ | ◯ ☐ ☐ |
| ક્ષાસાત્ | ◯ ☐ ☐ |
| યભૂલા | ☐ ☐ ◯ |
| વ્યાડાચ | ◯ ☐ ☐ |
| થીન | ◯ ☐ |
| ચસાવો | ☐ ☐ ◯ |
| રુગુનો | ☐ ☐ ◯ |
| ટોમો | ◯ ◯ |

☐ ☐ ☐   ☐ ☐ ☐   ☐ ☐ ☐ ☐

# મારી સમજણ


## નીચેના પ્રસંગમાં તમે શું કરશો ?

તમે ખૂબ ગરદીવાળી બસમાં ઊભા છો. આખા દિવસનું કામકરી તમે ખૂબ થાકી ગયા છો. તમે ઊભા છો ત્યાંની એક જગ્યા ખાલી થઈ. 'હાશ' કરીને તમે બેસવા જાવ છો ત્યાં થોડા આગળ ઊભેલા એક ઘરડાં માજી પણ એ સીટ પર બેસવા નજીક આવે છે. તમે એ જુઓ છો. તમે શું કરશો ?



# પઝલના જવાબો

૧



૨



૫



૪

જવાબઃ- ૩ અને ૪

## તમારી જાતને ચકાસી જૂઓનો જવાબ

જવાબ : વિવેક, વર્તન, સાક્ષાત્, ભુલાય, ચડાવ્યા, નથી, સાચવો, ગુરુનો
મોટો મેસેજ :- મોટાનો વિનય સાચવવો

# યુ.એસ.એ. ગુરુપૂર્ણિમા હાઈલાઈટ્સ

## વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝલક







Akram Express

August 2011
Year : 3, Issue : 12
Contl. Issue No.: 36


RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month







નીલ સીરીઝ-૩ (અંગ્રેજી)નું ઉદ્‌ઘાટન કરતા પૂજ્યશ્રી



ગુરુપૂર્ણિમાના દિવસે પૂજ્ય દાદાની આરતી કરતા પૂજ્યશ્રી



સીમંધર સ્વામીની નાની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરતા પૂજ્યશ્રી



<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press Amba offset:- Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College, Usmanpura, Ahmedabad-14.